EDII

Divyabhaskar

May 30, 2016
Page No. 7
Of City Bhaskar

# આજના બાળકો ક્રિએટિવિટીનો દરિયો છે : પ્રો. અનિલ ગુપ્તા

**ઈડીઆઈઆઈ ખાતે12 વર્ષથી 16 વર્ષના બાળકો માટે યોજાયેલા સમર કેમ્પમાં 9 રાજ્યોના 107 બાળકોએ ભાગ લીધો. અહીં IIMના પ્રોફેસર અને ઈડીઆઈના ડિરેક્ટરે વક્તવ્ય આપ્યાં હતાં.**



ઈડિઆઈના સમર કેમ્પમા બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો, ઈન્સેટમાં ઈડિઆઈના ડિરેક્ટર સુનિલ શુક્લા.

સિટી રિપોર્ટર @ahm_cb

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ખાતે 12વર્ષથી લઈને 16 વર્ષના બાળકો માટે સમર કેમ્પનું આયોજન કર્યુ હતુ. જેમાં બાળકોમાં રહેલી ક્રિએટિવીટી કેવી રીતે બહાર લાવવી અને 15 વર્ષની ઉંમરે જ બાળકોમાં ઉદ્યોગ સાહસિકતાની ગુણો કેળવવા માટે એક્સપર્ટ ટૉક અને પ્રેક્ટિકલ વર્કશોપ યોજાયો હતો.

આ સમર કેમ્પના સમાપન પ્રસંગે આઈઆઈએમ અમદાવાદના પ્રોફેસર અનિલ ગુપ્તાએ બાળકોને કહ્યું હતુ કે, 'આજના બાળકોને ઓછા આંકવા ના જોઈએ. તેઓ ક્રિએટિવીટીનો દરિયો છે. હાલમાં ભારત જે ગંભીર પરિસ્થિતિ અને સમસ્યાઓનો સામનો કરી રહ્યું છે તેનું સમાધાન આવનારા સમયમાં આ બાળકો જ શોધી આપશે.'

. ઈડીઆઈઆઈના ડાયરેક્ટર સુનિલ શુક્લાએ કહ્યું કે 'આ કેમ્પનો મુખ્ય હેતુ બાળકોમાં છૂપાયેલી ક્ષમતાને બહાર લાવવાનો હતો. તેમના સર્વાંગી વિકાસ માટે તેમનામાં સર્જનાત્મકતા, કોન્ફિડન્ટ, મેનેજમેન્ટ, અસરકારક કોમ્યુનિકેશન, ટીમવર્ક જેવા વિવિધ ગુણો ખીલવવાની જરૂર છે.'